T. P. D./OUT/ 1583
Date. 23-5-2000

૪(5)

પ્રતિ,
અગ્રસચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, નવમો માળ, સચિવાલય,
ગાંધીનગર.

વિષયઃ નગર રચના યોજના, સુરત, નં. ૪૭ (ભેસ્તાન) મુદતમાં વધારો કરવા બાબત

મહોદયા,

ઉપરોકત વિષયા અન્વયે સવિનય જણાવવાનું કે નગર રચના યોજના, સુરત, નં. ૪૭ (ભેસ્તાન) ને તૈયાર કરવા સુરત મહાનગરપાલિકાની નગર નિયોજક સમિતિની તા. ૧૬-૧૦-૯૯ ની બેઠકના ઠરાવ નં. ૬૨/૯૯ થી ઈરાદો જાહેર કરવામાં આવેલ. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬તથા એમેન્ડમેન્ટ અધિનિયમ, ૧૯૯૯ તથા તે અનુસારના નિયમની જોગવાઈ મુજબ સ્કીમમાં સમાવેશ જમીન માલિકો / હીતસંબંધ ધરાવતા વ્યકિતઓની જાહેર સભાનું આયોજન તા. ૧૯-૫-૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬તથા એમેન્ડમેન્ટ અધિનિયમ, ૧૯૯૯ કાયદાની કલમ-૪૨(૧) ની જોગવાઈઓ આધિન સદરહુ નગર રચના યોજનાનાં મુસદ્દાને ઈરાદો જાહેર કર્યાના નવ માસમાં એટલે કે, તા. ૧૫-૭-૨૦૦૦ પહેલાં પ્રસિધ્ધ કરવાનો થાય છે. સદરહુ નગર રચના યોજનામાં પબ્લીક મીટીંગ બાદ જમીન માલિકો/હીત સંબંધ ધરાવતા વ્યકિતઓ ધ્વારા કરવામાં આવેલ રજુઆત લક્ષમાં લઈ કાયદાની મર્યાદામાં સ્કીમના મુસદ્દામાં જરૂરી ફેરફારો કરી, નગર નિયોજન સમિતિમાં દરખાસ્ત કરવાની કામગીરી હાલમાં ચાલુમાં છે. આ સંજોગોમાં ઉકત નગર રચના યોજનાનો મુસદ્દો નિયત સમયમર્યાદામાં પ્રસિધ્ધ થઈ શકે તેમ ન હોય, સ્કીમની મુદત તા. ૧૫-૦૭-૨૦૦૦ થી વધુ ત્રણ માસ એટલે કે, તા. ૧૫-૧૦-૨૦૦૦ સુધી વધારી આપવા અંગે સરકારશ્રીનાં હુકમો મેળવી આપવા વિનંતી છે.

આપનો

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા

નકલ સવિનય રવાનાઃ પ્રતિ અધિક મુખ્ય નગર નિયોજકશ્રી,નગર આયોજન અને મૂલ્યાંકન ખાતુ,બ્લોક નં.૧૪,જુના સચિવાલય,ગાંધીનગર તરફે સદરહુ નગર રચના યોજનાની મુદતમાં વધારો કરી આપવા સરકારશ્રીનાં હુકમો મેળવી આપવા વિનંતીસહ.

ટીપીઉ/ભેસ્ટ.લેટર્સ-૪૦